વડગામથી દર સોમવારે પ્રસિધ્ધ થતું રાષ્ટ્રીય સાપ્તાહિક

RNI NO.: GUJGUJ/2015/67852
Posting Registration No. GBK-70 for the years 2019 to 2021

VS NEWS

# વડગામ સમાચાર

તંત્રી-પુષ્કરપુરી આર. ગૌસ્વામી, સહતંત્રી-અર્ચિત પી. ગૌસ્વામી

VADGAM SAMACHAR WEEKLY

● Volume No. 04 ● Issue No. 35● Date :11-03-2019 Monday ● Page :2 ● Price : Rs. 2.00/- ● Annual Subscription 100/- ● Email : newsvadgam@gmail.com MO.9427391955

# વડગામ કોલેજમાં વાર્ષિકોત્સવ અને શુભેચ્છા સમારોહ યોજાયો











વી.એસ.ન્યુઝ વડગામ

વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળ સંચાલિત યુ.એચ. ચૌધરી આર્ટસ અને કોમર્સ કોલેજ વડગામમાં ગત તા. ૦૯-૦૩-૧૯ શનિવારે વાર્ષિકોત્સવ અને સેમેસ્ટર છ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ બનાસબેંક ચેરમેન એમ.એલ. ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે સામાજીક અગ્રણી પચાંણભાઇ કે. પટેલ, જિ.પં. પુર્વ પ્રમુખ દલસંગભાઇ જે. પટેલ, ચેરમેન, બોર્ડ ઓફ સ્પોર્ટસ ડો. હિતેશભાઇ પી. ચૌધરી, ફલજીભાઇ વી. પટેલ (બનાસડેરી ડીરેક્ટર), દિનેશભાઇ ચૌધરી (ડીરેક્ટર બનાસડેરી), જિ.યુવા ભાજપ પ્રમુખ હરેશભાઇ ચૌધરી, તા.સંઘ ચેરમેન સરદારભાઇ ધુળીયા, સંસ્થાના પ્રમુખ પરથીભાઇ વી. પટેલ (સલેમકોટ), ઉપપ્રમુખ કેશરભાઇ જે. વાયડા (ચાંગા), મંત્રી ઓખાભાઇ એસ. પટેલ સહીત સંસ્થાના તમામ કારોબારી સભ્યો, વડીલો, સમાજના અગ્રણીઓ, વિદ્યાર્થી ભાઇ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સીપાલ ડો. એલ.વી. ગોળે સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રમુખ પરથીભાઇ વિ. પટેલે સંસ્થાના વિકસતા ફલકની ઝાંખી ક રાવી હતી. કોમર્સના ઇન.પ્રિન્સીપાલ ડી.બી.જગાણીયાએ આભારવિધી કરી હતી. કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થના સ્વાગત ગીત, દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો તથા મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત મહાનુભાવોના હસ્તે તેજસ્વી તારલાઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. ડો. હિતેશભાઇ ચૌધરી સહિત મહેમાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમ સફળ બનાવવા તમામ પ્રોફેસરો, એનસીસી, એનએસએસ તથા વહીવટી સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.




## વડગામ તાલુકામાં પલ્સ પોલીયોના કાર્યક્રમનો શુભારંભ

વી.એસ.ન્યુઝ વડગામ

પોલીયો રવિવાર તા. ૧૦-૦૩-૨૦૧૯ ના વડગામ તાલુકા કક્ષાનું ઉદ્ધાટન ગામ મગરવાડા મણીભદ્ર વીરના પોલીયો બુથ ખાતે માન. તાલુકા પ્રમુખ રાબીયાબેનના વરદ હસ્તે ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયાના બે ટીપાં પીવરાવી ઉદઘાટન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મગરવાડા ગ્રામ પંચાયતના સરપંચશ્રી પ્રકાશસિંહ એસ.સોલંકી તથા માજી સરપંચ ફલજીભાઇ પટેલ અને તાલુકા આઇ.ઇ.સી. ઓફિસર સા.એમ.એ.ડોડીયા તેમજ ડો. વિસ્મીતાબેન જાદવ, કોમ્યુનીટી હેલ્થ ઓ ફિસર, મગરવાડા તેમજ આરોગ્યના સુપરવાઇઝર નરેશભાઇ પરમાર તથા આરોગ્ય સ્ટાફ અને આશા બહેનોને ૦ થી ૫ વર્ષના બાળકોને બોલાવી બુથ પર હાજર રહેલ અને આઇ.ઇ.સી. ઓફિસર સા.એમ.એ.ડોડીયાએ બુથના તમામ આઇ.ઇ.સી.બેનરો પ્રદર્શીત કર્યા અને લાભાર્થીઓ અને આ કાર્યક્રમમાં આમંત્રીત કરેલ મહેમાનોનું સ્વાગત કરેલ.વડગામ તાલુકાના ૧૧૦ ગામોમાં આજ તારીખથી ત્રણ દિવસ પોલીયો વિરોધી અભિયાનની માઇક દ્વારા,



બેનર્સ, પોસ્ટર્સ, પત્રિકા વગેરે દ્વારા ઉક્ત કાર્યક્રમની અગાઉ જાહેરાત કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમ થકી તાલુકાના ૦ થી ૫ વર્ષના ૨૯૧૬૦ બાળકોને ૧૬૮ બુથ પર રસી પીવડાવવાનું ધનીષ્ઠ આયોજન કરવામાં આવેલ છે. જેના કારણે તાલુકાના ૨૯૧૬૦ બાળકોને પોલીયોની રસી પીવડાવી તેના દ્વારા તાલુકાના ૧૦૦ ટકા બાળકોને પોલીયો મુક્ત કરવાની વિશીષ્ઠ કવાયત હાથ ધરાવાઇ છે.

## અભિનંદન



ડો.રાજુલબેન દેસાઇ(ડીસા)
સભ્યઃરાષ્ટ્રીય મહિલા આયોગ-ન્યુ દિલ્હી

ભારત સરકારશ્રી દ્વારા આપશ્રીની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય તરીકે નિમણુંક કરવા બદલ ભારત સરકાર તેમજ આપશ્રીને ખૂબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ......

લી.
પ્રવિણસિંહ જે.રાણા(કોદરામ)
પ્રમુખ-વડગામ તા.ભાજપ
દશરથજી એમ.ઠાકોર (નળાસર)
મહામંત્રી-વડગામ તા.ભાજપ
ગોવિંદભાઇ એચ.ચૌધરી (નાંદોત્રા)
મહામંત્રી-વડગામ તા.ભાજપ
ડી.વી.સોલંકી (એડવોકેટ)વડગામ
ઉપપ્રમુખ-બ.કાં. જિલ્લા ભાજપ યુવા મોરચો

## બેસણું



સ્વ.પટેલ વર્ષાબેન સુરેશભાઇ (લોહ)
સ્વ.તા.૧૦-૦૩-૨૦૧૯ રવિવાર

મારા ધર્મપત્ની પટેલ વર્ષાબેન સુરેશભાઇ (લોહ)નું તા.૧૦-૦૩-૨૦૧૯ રવિવારે દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સ્વર્ગસ્થાનું બેસણું અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

**સ્થળ :** તા.૧૩-૦૩-૨૦૧૯ બુધવાર
મુ.પો.પસવાદળ, તા.વડગામ, જી.બનાસકાંઠા
મો.૯૪૨૬૪૧૧૩૯૫

લિ.
પટેલ સુરેશભાઇ પરથીભાઇ (લોહ) (પતિ) બનાસબેંક
પટેલ પરથીભાઇ હાથીભાઇ (લોહ) (સસરા)
પુર્વ સરપંચ પસવાદળ
ડિરેક્ટર-એપીએમસી વડગામ
ઉપપ્રમુખ-વડગામ તાલુકા ભાજપ

## અભિનંદન



ડો.રાજુલબેન દેસાઇ(ડીસા)
સભ્યઃરાષ્ટ્રીય મહિલા આયોગ-ન્યુ દિલ્હી

ભારત સરકારશ્રી દ્વારા આપશ્રીની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય તરીકે નિમણુંક કરવા બદલ ભારત સરકાર તેમજ આપશ્રીને ખૂબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ......

લી.
મેરાજભાઇ હેગોળભાઇ દેસાઇ (નાનોસણા)
કોષાધ્યક્ષ-વડગામ તાલુકા ભાજપ
મંત્રી-ધી નાનોસણા દુધ ઉત્પાક સ.મં.લી.

## અભિનંદન



ડો.રાજુલબેન દેસાઇ(ડીસા)
સભ્યઃરાષ્ટ્રીય મહિલા આયોગ-ન્યુ દિલ્હી

ભારત સરકારશ્રી દ્વારા આપશ્રીની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય તરીકે નિમણુંક કરવા બદલ ભારત સરકાર તેમજ આપશ્રીને ખૂબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ......

લી.
ફલજીભાઇ વિ. પટેલ (વરસડા)
ડેલીગેટ-બનાસકાંઠા જિલ્લા પંચાયત
ડિરેક્ટર-બનાસડેરી, પાલનપુર

## અભિનંદન



ડો.રાજુલબેન દેસાઇ(ડીસા)
સભ્યઃરાષ્ટ્રીય મહિલા આયોગ-ન્યુ દિલ્હી

ભારત સરકારશ્રી દ્વારા આપશ્રીની રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય તરીકે નિમણુંક કરવા બદલ ભારત સરકાર તેમજ આપશ્રીને ખૂબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ......

લી.
જયેશભાઇ મશરૂભાઇ દેસાઇ (માલોસણા)
મહામંત્રી-વડગામ તા.ભાજપ બક્ષીપંચ મોરચો
ઉપપ્રમુખ-વિહોતર ગ્રુપ ઓફ બનાસકાંઠા
ઉપપ્રમુખ-બનાસકાંઠા ગોરસ

# પાલનપુરની મુખ્ય પોસ્ટ ઓફિસની મહિલા કર્મચારી દ્વારા ૧.૦૩ કરોડની ઉચાપત

પાલનપુર ખાતે જોરાવર પેલેસ સંકુલમાં કાર્યરત મુખ્ય પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતી પોસ્ટલ આસિસ્ટન્ટ મહિલા કર્મચારીએ એક વર્ષ દરમિયાન ગ્રાહકોના વીમાના નાણાંની ઓન લાઇન રસીદો કેન્સલ કરી રૂપિયા ૧.૦૩ કરોડની ઉચાપત કરતાં ચકચાર મચી જવા પામી હતી.આ ઉચાપતમાં મદદગારી કરનારા સુપરવાઇઝર સામે પણ ફરિયાદ નોંધાતા પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પાલનપુર જોરાવર પેલેસ સંકુલમાં કાર્યરત મુખ્ય પોસ્ટ ઓફિસમાં મહિલા કર્મચારી દ્વારા ગ્રાહકોના વીમાના રૂપિયાની ઉચાપતનો ગોટાળો બહાર આવતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ પાલનપુર મુખ્ય પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતાં મુળ વડગામના વણસોલ ગામના અને હાલ પાલનપુર આકેસણ રોડ દિપનગર સોસાયટીમાં રહેતા લીલાબેન ગુલાસિંગ રાણાને પોસ્ટલ આસિસ્ટન્ટનું કામ સોંપવામાં આવ્યું હતુ.

જે કામગીરીમાં તેણીએ પી. એલ. આઇ, આર. પી. એલ. આઇ વિમાના નાણાં ગ્રાહકો પાસેથી પોસ્ટ વતી કલેકટ કરવાના હતા. જેમાં તેમણે તા. ૦૧/૦૧/૨૦૧૮ ૨૭/૦૨/૨૦૧૯ના સમયગાળામાં અલગ-અલગ ગ્રાહકો પાસેથી રૂપિયા ૧,૦૩,૮૮,૯૯૫ ઉઘરાવ્યા હતા. અને પોસ્ટ વતી આ નાણાં લઇ નાણાં ભર્યા અંગેની રસીદો આપી હિસાબમાં ગોટાળા કરી આ નાણાંની ઉચાપત કરી હતી. આ અંગે બનાસકાંઠા પોસ્ટ સુપ્રિન્ટેન્ડન્ટ અખારામએ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગૂનો નોંધી પશ્ચિમ પોલીસ મથકના પીઆઇ આર. કે. સોલંકી વધુ તપાસ હાથ ધરી છે.

## ગ્રાહકોના નાણાંની ઓન લાઇન રસીદો કેન્સલ કરી : મદદગારી કરનારા સુપરવાઇઝર સામે પણ ફરિયાદ

# ભાભરના જાસનવાડા ગામે કરીયાણાની દુકાનમાં ચોરી



ગતરાત્રે કોઈ અજાણ્યા ઈસમો ભાભર તાલુકાના જાસનવાડા ગામે કરીયાણાની દુકાનનુ છતનુ પતરૂ તોડી માલસામાન સહિત પરચૂરણ રોકડ કુલ રૂપિયા ૨૨૪૩૦ ની ચોરી થતાં ભાભર પથંકમા ચકચાર મચાવી જવા પામી છે. ભાભર તાલુકા સહિત શહેરમાં થયેલ પશુચોરી, ઘરફોડ ચોરીઓના ભેદ ઉકેલવામાં પોલીસ હવામાં હવાતિયાં મારી રહી છે ત્યારે જાણવા મળતી માહિતી મુજબ ભાભર તાલુકાના જાસનવાડા ગામે ગત રાત્રે હસમુખભાઈ વધાભાઈ ચૌધરીની કરીયાણાની બંધ દુકાનની છતનુ પતરૂ તોડી કોઈ અજાણ્યા ઈસમોએ અંદર રહેલ માલસામાન વેરવિખેર કરી છુટક માલસામાન સહિત રોકડા ૧૫૦૦ સહિત કુલ રૂપિયા ૨૨૪૩૦ ની ચોરી કરી ગયેલ જેની ફરિયાદ ભોગ બનનાર દુકાન માલિકે ભાભર પોલીસ મથકે નોધાવી છે.

# અંબાજીમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા આપવા આવેલા વિધાર્થીઓને ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક ભોજન અપાશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૭ માર્ચના રોજ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થનાર છે.જેથી શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી દ્વારા સામાજિક અને શૈક્ષણિક સેવાના ભાગરૂપે દેવસ્થાન ટ્રસ્ટના અંબિકા ભોજનાલયમાં અંબાજી ખાતે કોઈપણ પરીક્ષા કેન્દ્રમાં આવતા તમામ પરીક્ષાર્થીઓ માટે વિનામૂલ્ય ભોજન આપવામાં આવશે. પરીક્ષાર્થી પોતાની રીસીપ્ટ (ઓળખપત્ર) બતાવી પ્રવેશ મેળવી શકશે અનેવિનામૂલ્ય ભોજનનો લાભ લઇ શકે તેવી સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી અંબિકા ભોજનાલયનો સમય સવારે ૧૦.૦૦ કલાકેથી રાત્રિના ૧૦.૦૦ કલાક સુધીનો છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના તમામ પરીક્ષાર્થીઓને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવે છે.


STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS ABOUT NEWSPAPER VADGAM SAMACHAR WEEKLY AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE & OF REGISTRATION OF NEWSPAPER (CENTRAL RULES 1956)
FORM - IV
(See Rule 8)

| | |
|---|---|
| 1. Place of publication | VADGAM SAMACHAR, VADGAM, DIST.BANASKANTHA |
| 2. Periodicity of publication | Weekly |
| 3. Printers Name | PUSHKARPURI R. GAUSWAMI |
| whether citizen of india | Yes |
| Address | VADGAM SAMACHAR, VADGAM, DIST.BANASKANTHA |
| 4. Publishers Name | PUSHKARPURI R. GAUSWAMI |
| whether citizen of india | Yes |
| Address | VADGAM SAMACHAR, VADGAM, DIST.BANASKANTHA |
| 5. Editors Name | PUSHKARPURI R. GAUSWAMI |
| whether citizen of india | Yes |
| Address | VADGAM SAMACHAR, VADGAM, DIST.BANASKANTHA |

I PUSHKARPURI R. GAUSWAMI here by declare that the particulars given above the true to the best of my knowledge and belief.
Date. 11-03-2019

PUSHKARPURI R. GAUSWAMI
Signature of Printer/Publisher/Owner


### મોદીએ કાશી વિશ્વનાથમાં પૂજા અર્ચના બાદ મંદિર કોરિડોરનો શિલાન્યાસ કર્યો

# ભોળાનાથની કોઈએ ચિંતા કરી નહીં, બાબાને હવે મળશે મુક્તિ : મોદી

(જી.એન.એસ)વારાણસી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે ઉત્તર પ્રદેશના તોફાની પ્રવાસ દરમિયાન વારાણસી પહોંચ્યા. પીએમ મોદીએ કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા-અર્ચના કરી અને કાશી વિશ્વનાથ કોરિડોરનું ભૂમિપૂજન કર્યું.

ત્યારબાદ તેમણે લોકોને સંબોધિત કર્યા. મોદીએ કહ્યું કે જ્યારે હું વડાપ્રધાન નહોતો, ત્યારે પણ અહીં આવતો હતો અને મને લાગતું હતું કે અહીં કંઈક કરવું જોઈએ. પરંતુ ભોલા બાબાએ નક્કી કર્યું હશે કે દીકરા વાતો બહુ કરો છો, અહીં આવો અને કંઈક કરીને બતાવો અને આજે ભોલા બાબાના આશીર્વાદથી આ સપનું પૂરું થઈ રહ્યું છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, જ્યારે મહાત્મા ગાંધી અહીં આવ્યા હતા તો તેમના મનમાં પણ એ પીડા હતી કે ભોલા બાબાનું સ્થાન આવું કેમ? અને બીએચયુના એક કાર્યક્રમમાં બાપુએ પોતાના મનની વ્યથા જણાવતા પોતાની જાતને રોકી નહોતા શક્યા. પીએમ મોદીએ કહ્યું કે સદીઓથી આ સ્થાન દુશ્મનોના નિશાન પર રહ્યું, કેટલી વાર ધ્વસ્ત થયું, પોતાના અસ્તિત્વ વગર જીવ્યું. પરંતુ અહીંની આસ્થાએ તેને પુનઃજીવિત કર્યું અને આ ક્રમ સદીઓથી ચાલી રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે, આ કાશી વિશ્વનાથ ધામ હવે કાશી વિશ્વનાથ મંદિર પરિસરના નામે ઓળખાશે. તેનાથી કાશીની સમગ્ર વિશ્વમાં એક અલગ ઓળખ બનશે.

સપાની પાછલી સરકાર પર નિશાન સાંધતા પીએમે કહ્યું કે યુપીની પાછલી સરકારના સમયે અસહયોગનો માહોલ હતો, નહીં તો આ કામ પહેલાં જ શરૂ થઈ ગયું હોત. તેમણે કહ્યું કે જો ત્રણ વર્ષ પહેલાં મને યુપીની તત્કાલીન સરકારનો સાથ મળ્યો હોત તો આજે તેનું ઉદ્ઘાટન કરી રહ્યો હોત.

યુપીમાં યોગી સરકાર બન્યા બાદ કોરિડોર બનાવાની દિશામાં પ્રગતિ થઈ છે.



### તેમણે વડાપ્રધાન રાષ્ટ્રીય રાહત કોષમાં આ દાન જમા કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી

# રાજસ્થાનનો દિવ્યાંગ પુલવામા શહિદીનો પરિવારજનોને ૧૧૦ કરોડનું દાન આપશે..!!

(જી.એન.એસ)કોટા,

પુલવામામાં શહીદ થયેલા સીઆરપીએફના જવાનો પર દેશભરમાંથી મદદનો ધોધ વહી રહ્યો છે. હવે રાજસ્થાનના કોટાના સ્થાનિક રહેવાસી ૪૪ વર્ષિય દિવ્યાંગ વૈજ્ઞાનિક કર યોગ્ય આવકમાંથી ૧૧૦ કરોડ રૂપિયાનું દાન પુલવામાના શહીદોના પરિજનોને આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

મુર્તઝા એ હામિદે રાજસ્થાનના કોટા ગવર્મેન્ટ કોમર્સ કોલેજમાંથી કોમર્સ ગ્રેજ્યુએટ થયા છે. હાલ તેઓ મુંબઈમાં રહે છે અને રિસર્ચર અને વૈજ્ઞાનિક તરીકે કામ કરી રહ્યાં છે. મુર્તજા બાળપણથી જ પોતાની આંખોની રોશની ગુમાવી ચુક્યા છે. તેઓ પુલવામા શહીદ જવાનોના પરિજનોને મદદ કરવા માંગે છે. આ માટે તેમણે વડાપ્રધા રાષ્ટ્રીય રાહત કોષમાં આ દાન જમા કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

આ માટે હામિદે વડાપ્રધાન કાર્યાલય (PMO)ને એક ઈ-મેલ પણ મોકલ્યો છે, જેમાં તેમણે આ વાતનો ઉલ્લેખ કર્યો છે. તેઓ આ દાનના સંબંધમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા પણ માંગે છે.

હામિદે જણાવ્યુ હતું કે, આપણી માતૃભૂમિ માટે પોતાનો જીવ કુરબાન કરનારાઓની મદદ અને સમર્થનનો ભાવ દેશના દરેક નાગરિકના લોહીમાં જ હોવો જોઈએ. જોકે હામિદે એ વાતંબો પણ અફસોસ છે કે જો તેમની શોધને સમયસર સરકારની માન્યતા મળી હોત તો પુલવામા જેવો ભયાનક હુમલાની તપાસ કરવામાં આવી શકત.

# પાલનપુર તાલુકા પોલીસે ઘરફોડ ચોરીના આરોપીને ઝડપી લીધો

## ચોરીનો માલ ખરીદી કરનાર ઇકબાલગઢના સોની વેપારીની કરાઇ અટકાયત

### પોલીસે બે લાખ ઉપરાંતનો મુદ્દામાલ કર્યો કબજે



પાલનપુર તાલુકાના જુદા-જુદા ચાર ગામોમાં દિવસ તેમજ રાત્રી દરમીયાન બંધ મકાનોમાંથી ઘરફોડ ચોરી કરનાર શખ્સ આખરે પોલીસ શકંજામાં આવી ગયો છે.પોલીસે ઘરફોડ ચોરી કરજાર શખ્સને તેની પુછપરછ દરમીયાન ચાર ગામામાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરીની કબુલાત કરી હતી.અને ચોરીનો માલ સોનીના વેપારીને વેચતો હોવાની જણાવતા પોલીસે સોની વેપારી સહીત બે શખ્સોની અટકાયત કરી બે લાખ ઉપરાંતનો મુદ્દામાલ રીકવર કર્યો છે.

બનાસકાંઠામાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરો દ્વારા તરખાટ મચાવવામાં આવતો હતો.અને એક પછી એક ચોરીને અંજામ આપી પોલીસની ઉંઘ હરામ કરી હતી.જેથી જિલ્લા પોલીસ વડા પ્રદિપ સેજુળ દ્વારા ચોરીના ગુનારો ડીટેક્સન માટે તમામ પોલીસ સ્ટેશનને સુચના આપવામાં આવી હતી.જેથી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ.એમ.પટેલ એ સ્ટાફની જુદી-જુદી ટીમો બનાવી અને ચોરોને પકડવાના ફિરાકમાં પેટ્રોલિંગમાં હતા.તે સમયે બાતમી મળી હતી.કે એક શખ્સ ચોરી કરવાના ઇરાદે રેકી કરી રહ્યો છે.રહ્યો છે.જેથી પીએસઆઇએ સ્ટાફ સાથે વોચ ગોઠવી વિક્રમ ભોમા ખરાડીને ઝડપી લીધો હતો.અને તેની આકરી પુછ પરછ દરમીયાન ભાગી પડ્યો હતો.અને પાલનપુર તાલુકાના જેસંગપુરા, લુણવા, ઉમેદપુરા,અને મડાણા ગામમાંથી દિવસ તેમજ રાત્રી દરમીયાન ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.અને ચોરીનો મુદ્દામાલ ઇકબાલગઢના સોના-ચાંદીના વેપારી મુકેશ શંકરલાલ સોનીને વેચાણ કર્યા હોવાનું જણાવ્યુ હતુ.જેથી પોલીસે વેપારીની અટકાયત કરી તેની પાસેથી અંદાજીત રૂ.બે લાખ ઉપરાંતના સોના-ચાંદીના દાગીના રીકવર કરી બંન્ને શખ્સોની અટકાયત કરવામાં આવતા અન્ય ગુનેગારોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

# બનાસકાંઠા સર્વ શિક્ષા અભિયાનના કર્મચારીઓએ પડતર માગણીઓને લઇ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ



પાલનપુર

બનાસકાંઠામા સર્વ શિક્ષા અભિયાન મા ફરજ બજવતા કર્મચારીઓ આજે ધરણા કર્યા હતા અને સમાન કામ સમાન વેતન અને સિક્યોર નોકરી ની માંગ કરી હતી અને જિલ્લા કલેકટર ને આવેદનપત્ર આપ્યું હતું

બનાસકાંઠામા સર્વ શિક્ષા અભિયાન ના કર્મચારીઓ નું મહત્વ એટલા માટે વધી જાય છે કે તેઓ દિવ્યાંગ બાળકો માટે કામ કરે છે જિલ્લા માં આર્થિક પરિસ્થિતિ સારી ન હોય એવા દિવ્યાંગ બાળકો ને પ્રમોટ કરવાનું કામ આ કર્મચારીઓ કરે છે.જિલ્લા મા દિવ્યાંગ બાળકો ના ઘરે ઘરે જઈ અને શાળા મા અભ્યાસ કરતા તમામ બાળકો ને મદદ રૂપ થવાની ફરજ બજાવતા હોય છે.વર્ષો થી સર્વ શિક્ષા અભિયાન મા ફરજ બજાવતા આ કર્મચાઈઓ દિવ્યાંગ અને સારા બાળકો ને સજાવવામાં અને સરકારી અન્ય કામગીરીઓ મા સહભાગી થાય છે પરંતુ સ્કરકાર દ્વારા આ કર્મચારીઓ ની માંગણીઓ સંતોષાતી નથી ત્યારે આજે આ કર્મચારીઓ એ પોતાની માંગણી શાંતિ થી મૂકી છે અને સમાન કામ અને સમાન વેતન સાથે સિક્યોર નોકરી ની માંગ કરી છે

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દિવ્યાગ બાળકો ને લઈ ચિંતિત છે સરકાર ના દિવ્યાંગ બાળકો ને ઉપર લાવવાના પ્રયત્નો છે પરંતુ આ બાળકો ના ઘડતર મા મહત્વ ની ભૂમિકા ભજવનાર સર્વ શિક્ષા અભિયાન ના આ કર્મચારીઓ જ પોતાના હક થી વંચિત છે.

# પાલનપુર મુકામે કલેકટરશ્રી સંદીપ સાગલેના અધ્યક્ષ સ્થાને ચૂંટણીલક્ષી પ્રેસ કોન્ફરન્સ યોજાઇ

## ઇ.વી.એમ. અને વીવીપેટ મશીનોનું જાહેર ડેમોન્ટ્રેશન કરાયું



(માહિતી બ્યૂરો પાલનપુર)

પાલનપુર મુકામે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી બનાસકાંઠા શ્રી સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાકને ચૂંટણીલક્ષી માહિતી મિડીયાને આપવા માટે પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. જેમાં કલેકટરશ્રીએ જણાવ્યું। કે મતદારયાદી સતત સુધારણા કાર્યક્રમ ચાલુછે. મતદારો પોતાનું નામ દાખલ કરવા માટે ફોર્મ નં.૬, કમી કરાવવા માટે ફોર્મ નં.૭, નામ,વિગતો સુધારવા ફોર્મ નં.૮ તથા ભાગ બદલવા માટે ફોર્મ નં.૮ક મામલતદાર કચેરી ખાતે રજુ કરી શકે છે. જયાં સુધી ચૂંટણીની જાહેરાત થાય તે દિવસ સુધી સતત સુધારણા કાર્યક્રમ ચાલુ રહે છે. ચૂંટણી જાહેરાત બાદ ફક્ત નવિન મતદાર નોંધણી અંગેના ફોર્મ નં.૬ ની કાર્યવાહી ચાલુ રહેશે. ઉમેદવારીપત્ર રજુ કરવાના છેલ્લાં દિવસના અગાઉના ૧૦ દિવસ સુધી ફોર્મ નં.૬ રજુ કરી શકાશે. જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સંદીપ સાગલેએ જણાવ્યું કે મતદારો પોતાનું નામ મતદારયાદીમાં ટોલ ફ્રી હેલ્પનલાઇન નં. ૧૯૫૦ ઉપર સવારના ૯-૦૦ થી રાત્રિના ૯-૦૦ વાગ્યાહ સુધી તપાસી શકે છે. કલેકટરશ્રીએ કહ્યું કે બનાસકાંઠા જીલ્લામાં તા.૭ માર્ચ-૨૦૧૯ ની સ્થિવતીએ કુલ મતદારોની સંખ્યાક ૨૨,૧૭,૯૧૩ છે. જેમાં સ્ત્રી - ૧૧,૬૦,૬૧૯, પુરૂષ-૧૦,૫૭,૨૭૪ અને અન્ય-૨૦ છે. મતદારયાદી સતત સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા.૬-૩-૨૦૧૯ સુધીમાં કુલ ૫૦,૪૪૭ ફોર્મ્સય મળેલ છે. કલેકટરશ્રીએ જણાવ્યું કે ઇવીએમ અને વીવીપેટ મશીનોનું જાહેર સ્થસળોએ ડેમોન્ટ્રેક શન કરવામાં આવે છે. આજે પણ અહીં મુકાયેલ આ મશીનોનુ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યુંમ છે પત્રકારમિત્રો તેને જોઇને તપાસી શકે છે. મતદાર જાગૃતિ માટે મતદાર જાગૃતિ રથ તૈયાર કરી ઇવીએમ અને વીવીપેટનું નિદર્શન અને તાલીમ કાર્યક્રમ શરૂ કરાશે. દિવ્યાંગ મતદારો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લઇ સરળતાથી મતદાન કરી શકે તે માટે આવા મતદારોને મતદાનના દિવસે સાથી સહાયક તેમજ વ્હી લચેરની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે. તેમજ દિવ્યાં ગ મતદારોને તેમના નિવાસસ્થાકનેથી મતદાન મથક પર લાવવા લઇ જવા માટે સંબંધીત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તરફથી વાહનની વ્યવસ્થા કરવામાં આવશે. કલેકટરશ્રીએ જણાવ્યું કે મતદારયાદીમાં નામ છે કે કેમ તે ઓનલાઇન અને ઓફલાઇન નીચે જણાવ્યા પ્રમાણે તપાસી શકાશે. આ પ્રસંગે મિડીયાના મિત્રો સમક્ષ ઇવીએમ અને વીવીપેટનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

પ્રેસ કોન્ફરન્સમાં નાયબ જીલ્લાપ ચૂંટણી અધિકારીશ્રી યોગેશ ઠક્કર, નાયબ માહિતી નિયામકશ્રી ડી.પી.રાજપૂત અને પત્રકારમિત્રો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ૧ ઓક્ટોબરથી દેશભરમાં એક જેવા હશે ડ્રાઈવિંગ લાયસન્સ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,

૧ ઓક્ટોબર ૨૦૧૯થી દેશભરમાં બનનારા ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહનોનું રજિસ્ટ્રેશન સર્ટી (આરસી)નું ફોર્મેટ એક જેવું જ હશે. એટલું જ નહી, તમામ રાજ્યોમાં ડીએલ અને આરસીનો કલર પણ એક જેવો જ રહેશે અને તેમાં તમામ જાણકારી એક સમાજ એક જગ્યા પર જ હશે. આ મુદ્દે રોડ અને ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીએ નોટિફિકેશન જાહેર કર્યું છે.મંત્રાલયે કહ્યું છે કે, આ નિર્ણયથી આ રીતના ડીએલ અને આરસીમાં જાણકારીઓને લઈ બ્રમની સ્થિતિ નહીં બને. અત્યાર સુધી દરેક રાજ્ય પોતાની સુવિધા અનુસાર, જ ડીએલ અને આરસીનું ફોર્મેટ તૈયાર કરતું હતું. જેના કારણે કોઈ રાજ્યમાં કેટલીક જાણકારી જો ડીએલના ફ્રન્ટ પર હોય તો, કેટલાક રાજ્યમાં તે જાણકારી પાછળની તરફ હોય છે. પરંતુ હવે તમામ રાજ્યોમાં જે પણ ડીએલ અથવા આરસી બનશે, તેમાં એક જેવી જ જગ્યા પર જ જાણકારી આપવામાં આવશે.

મંત્રાલયના અધિકારીઓ અનુસાર, આ મુદ્દે તેમના મંત્રાલયે ૩૦ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર કરી તમામ પક્ષો પાસે આ મુદ્દે સલાહ માંગી છે. તમામ પક્ષો તરફથી આવતી સલાહના આધાર પર હવે સરકારે નવું નોટિફિકેશન જાહેર કર્યું છે.

આ નોટિફિકેશન અનુસાર, તમામ રાજ્યોને એક ઓક્ટોબરથી ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહનોની રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પીવીસી આધારીત બનાવવી પડશે, અથવા પછી પોલીકાર્બોનેટ હશે. આમાં ચીપ પણ લાગેલી હશે અને જાણકારી પણ તેજ ફોર્મેટમાં હશે, જેમાં કેન્દ્ર સરકારે નોટિફાઈ કરી છે.

# પાલનપુર તાલુકાના લુણવા ખાતે કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરીના હસ્તે પીવાના પાણીની યોજનાના રૂ. ૯.૨૨ લાખના કામોનું ખાતમૂર્હત થયું



પાલનપુર તાલુકાના લુણવા ગામમાં રાષ્ટ્રી ય ગ્રામીણ પેયજળ યોજના અંતર્ગત ગામમાં આંતરીક પીવાના પાણીની યોજનાના રૂ.૯.૨૨ લાખના કામોનું કેન્દ્રીય ખાણ અને ખનીજ રાજય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરીના હસ્તે. ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પાલનપુર માર્કેટયાર્ડના ચેરમેનશ્રી ફતાભાઇ ધારીયા, અગ્રણીશ્રી ભગુભાઇ કુગશીયા, શ્રી દિનેશભાઇ કુણીયા, શ્રી કૃણાલભાઇ પટેલ,શ્રી શામળ ભાઇ ગુડોલ, પાણી પુરવઠાના અધિક્ષક ઇજનેરશ્રી એમ.ડી.ઠક્કર, વાસ્મોના યુનિટ મેનેજરશ્રી જે.પી.પટેલ, નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી ડી.એમ.બુંબડીયા, મલાણા સરપંચશ્રી હરીભાઇ ચૌધરી, પારપડા સરપંચશ્રી રમેશભાઇ અટોસ સહિત ગામના આગેવાના અને લોકો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

Editor, Printer, Publisher, Owner : GAUSWAMI PUSHKARPURI RAMANPURI Place Of Publication : VADAM SAMACHAR
PRINTED BY : SHREE MULTI COLOUR OFFSET PRINTING PRESS-6- SHITTAL SHOPING CENTR, CITYLIGHT ROAD, PALANPUR- 385001, DIST.BANASKANTHA N.GUJARAT